દાખલ તારીખ ૨૯/૦૫/૨૦૨૬
ફેસલ તારીખ **૦૮/૦૬/૨૦૨૬**
સમય દિવસ માસ વર્ષ
**૧૦ ૦૦ ૦૦**

**<u>ગાંધીનગર જિલ્લાના પાંચમાં અધિક સત્ર ન્યાયાધિશશ્રીની અદાલત સમક્ષ,</u>**

**<u>મુકામ–ગાંધીનગર.</u>**

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૮૪૮/૨૦૨૬</u>**

**આંક : ૦૫**

**અરજદાર :૧) દિલિપસિંહ રામસિંહ ઝાલા**
ઉ.વ.૩૭, ધંધો : ખેતી,
રહે. પનાના મુવાડા, ગામ–લિહોડા,
તા.દહેગામ, જિ.ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા : ૧) શ્રી સરકાર**

-----------------------------------

**બાબત : બી.એન.એસ.એસ. ની કલમ : ૪૮૨ મુજબની આગોતરા જામીન અરજી.**

-----------------------------------

**અરજદાર/આરોપી તરફે વિ.વ. શ્રી એચ.કે. પટેલ**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી આર.એલ. પટેલ**

-----------------------------------

**:: <u>ઠરાવ</u> ::**

**૧)** અરજદાર દ્વારા હાલની અરજી બી.એન.એસ.એસ. ની કલમ : ૪૮૨ પ્રમાણે આગોતરા જામીન ઉપર મુક્ત થવા માટે રજૂ કરવામાં આવી છે. અરજદાર સામે અડાલજ પોલીસ સ્ટેશન ગુ.રજી. નં.૧૧૨૧૬૦૦૧૨૫


*V.G.RANA*
*5th Addl. Sessions Judge,Gandhinagar*

૦૭૧૧/૨૦૨૬, ઈ.પી.કો.કલમ : ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) મુજબનો ગુનો નોંધાયેલ છે.

## ૨) <u>ગુનાની ટૂંકમાં વિગત</u> :

– ગુનાની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓ તથા તેના મળતિયાઓએ ભેગા મળી ગુનાહિત કાવતરૂ રચી, ફરિયાદીશ્રી હયાત હોવા છતાં તા.૧૯/૦૬/૨૦૧૫ ના રોજ ફરિયાદીશ્રી મરણ ગયેલ હોવાનું જણાવી સિવિલ હોસ્પીટલ, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ ખાતેથી મરણનો દાખલો કઢાવી, જે આધારે નોટરી વકીલશ્રી રૂબરૂ ખોટું સોગંદનામું કરી, ખોટું પેઢીનામું બનાવડાવી, ખરા તરીકે રજૂ કરી, જે આધારે ફરિયાદીશ્રીની ખોડીયાર ગામની સીમમાં આવેલ સર્વે નં.૧૩૩ વાળી જમીનમાં આરોપીઓએ વારસાઈ નોંધ કરાવી, તેઓએ રેવન્યુ રેકર્ડે માલિક તરીકે પોતાનું નામ ચડાવી, જે આધારે સદરહું જમીનનો બિન્દ્રા રાજેશભાઈ ચોટાઈ નાઓને કબ્જા સિવાયનો વેચાણ અંગેનો રજીસ્ટર્ડ બાનાખત કરાર કરી આપી, ફરિયાદીશ્રીની જમીન રૂ.૯૧,૦૦,૦૦૦/- માં વેચાણ આપી તથા કોકીલાબેન ડો/ઓ ડાહ્યાજી મહોતજી ઠાકોર તે નરેન્દ્રભાઈ ગાંડાજી ખાંટની પત્ની નાઓનો ફરિયાદીની જમીનમાં કોઈ હક્ક હિસ્સો ના હોય તેમ છતાં તેઓએ ભાવસિંહ કોદરજી ઠાકોર નાઓ પાસેથી રૂ.૧૧,૦૦,૦૦૦/- અવેજ મેળવી તેઓની ફરિયાદીની જમીનનો અમુક હિસ્સાના કબ્જા સિવાયનો વેચાણ બાનાખત કરાર તથા પાવર ઓફ એટર્ની કરી આપી, સદરહું જમીનમાંથી ફરિયાદીશ્રી તથા અસલ વારસદારોના હક્કો ડુબાડી, જમીનનો અંદરો-અંદર વેચાણ દસ્તાવેજ કરી લઈ, આર્થીક નુકસાન પહોંચાડી, ગુનો કર્યાનો આક્ષેપ છે.

## <u>દલીલો</u> :

**૩)** અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રીની રજૂઆત છે કે, હાલના અરજદાર બિલકુલ નિર્દોષ છે તેમણે કોઈ ગુનાહિત કૃત્ય કર્યું નથી. તેઓ માત્ર આ બનાવમાં જે પેઢીનામું તૈયાર કરવામાં આવ્યું તેના સાક્ષી તરીકે સામેલ ગણીને



*V.G.RANA*
*5th Addl. Sessions Judge,Gandhinagar*

તેમને ધરપકડ કરવામાં આવેલી છે. ડાયાજી નામના બે વ્યક્તિઓ ગામમાં રહેતા હતા અને તેને કારણે આ ગુનો દાખલ થયેલો છે. ખરેખર હાલના અરજદાર નિર્દોષ છે. હાલના કામે તમામ પકડાયેલા સહ આરોપીઓને અત્રેની અદાલત દ્વારા જામીન ઉપર મુક્ત કરવામાં આવેલા છે. હાલના અરજદાર બાકી તપાસમાં સંપૂર્ણ સાથ–સહકાર આપશે. હાલના અરજદાર સ્થાનિક રહેવાસી છે અને ખેતી તથા પશુપાલનનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં નહિં કરે તથા નામ.કોર્ટની શરતોનું પાલન કરશે. વધુમાં એવી રજૂઆત કરી છે કે, એફ.આઈ.આર.માં જે આરોપીઓની વિગત દર્શાવવામાં આવી છે તે પૈકીના આરોપી નં.૪ અને આરોપી નં.૭ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી અને તેમની ધરપકડ ન કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્ટે મંજૂર કર્યો છે. તે સંજોગોમાં પણ હાલના અરજદારને આગોતરા જામીન મુક્તનું રક્ષણ આપવા માટેના કારણો છે. જેથી, હાલના અરજદારને પોલીસ અધિકારી દ્વારા અટક કરવામાં ન આવે તે માટે અરજદારની હાલની આગોતરા જામીન અરજી મંજૂર કરવા વિનંતી કરેલી છે.

**૪)** વિદ્વાન સરકારી વકીલ શ્રી દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, અરજદાર પ્રથમ દર્શનિય રીતે ગુનામાં સંડોવાયેલા છે. તેમણે ખોટા પેઢીનામામાં સાક્ષી તરીકે સહી કરી છે અને ખોટી વાતને સાચી બતાવવામાં પોતે સાક્ષી તરીકે ઊભા રહ્યા છે. આમ, જાણી જોઈને ખોટું પેઢીનામું થયું તે જાણતા હોવા છતાં તેમાં સાક્ષી બન્યા હોય, પ્રથમ દર્શનિય રીતે અરજદાર સંડોવાયેલા છે. જેથી, અરજદારનું ગુનામાં ઈન્વોલ્વમેન્ટ જોતાં અરજદારને આગોતરા જામીનનું રક્ષણ આપવુ જોઈએ નહિં તેથી અરજદારની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા માટે વિનંતી કરેલી છે.

**૫) મારું એવું માનવું છે કે, અરજદારની આગોતરા જામીન માટેની અરજી મંજૂર કરવા પાત્ર નથી, તે માટેના કારણો નીચે મુજબ છે :**

**એ)** ફરિયાદપક્ષનો કેસ જોવામાં આવે તો, ખોડીયાર ગામની સર્વે નં.૧૩૩ વાળી જમીનમાં ખરેખર તેના માલિક હયાત હોવા છતાં જાણે કે તે મૃત્યુ



*V.G.RANA*
*5th Addl. Sessions Judge,Gandhinagar*

DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते

પામેલા છે તેવું બતાવીને મરણનો દાખલો તથા ખોટાં પેઢીનામા તૈયાર કરવામાં આવ્યા હતા અને આ ખોટા પેઢીનામામાં હાલના અરજદારે સાક્ષી તરીકે સહી કરી તેવો ફરિયાદપક્ષનો કેસ છે. હાલના અરજદારનું પ્રથમ દર્શનિય રીતે આ ગુનામાં ઈન્વોલ્વમેન્ટ છે તેવું તપાસના કાગળો જોતાં દેખાઈ રહ્યું છે.

**બી)** જ્યારે આગોતરા જામીન આપવા કે કેમ તેનો નિર્ણય કરવાનો હોય ત્યારે મુખ્યત્વે બે બાબતો ધ્યાન પર લેવાની હોય છે. જેમાં ખરેખર અરજદારનું ગુનામાં ઈન્વોલ્વમેન્ટ છે કે કેમ અને ગુનાની તપાસ માટે અરજદારની હાજરીની જરૂરિયાત છે કે કેમ. તપાસ કરનાર અમલદારનું એફિડેવીટ જોતાં, અરજદાર પ્રથમ દર્શનિય રીતે ખોટાં પેઢીનામામાં સાક્ષી તરીકે સહી કરનારા વ્યકિત છે. તેથી તેમનું આ ગુનામાં ઈન્વોલ્વમેન્ટ જણાઇ રહ્યું છે. છતાં તપાસના હેતુ માટે હાલના અરજદારની આવશ્યકતા છે કે કેમ તે તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસમાં જે ફલિત થયું હોય તેના આધારે તેનો નિર્ણય કરવાનો રહે છે, પરંતુ મિકેનીકલી ધરપકડ કરવાની નથી.

**સી)** અરજદારનું આ ગુનામાં ઈન્વોલ્વમેન્ટ જણાઈ રહ્યું છે, તે કારણસર અરજદારને આગોતરા જામીનનું રક્ષણ આપવું ઉચિત માન્યુ નથી. સબબ ઉપરોક્ત કારણોસર નીચે મુજબનો આખરી હુકમ કરું છું:

**:: <u>આખરી હુકમ</u> ::**

- અરજદારની હાલની આગોતરા જામીન અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.
- સાથે–સાથે ત.ક.અમલદારને તાકીદ કરવામાં આવે છે કે, અરજદારની ધરપકડ કરવાની જરૂરીયાત છે કે કેમ તે અર્થે બી.એન.એસ.એસ.ની કલમ : ૩૫ નું ચુસ્તપણે પાલન કરવું.



*V.G.RANA*
*5th Addl. Sessions Judge,Gandhinagar*

– આ હુકમની યાદી ત.ક. અમલદારને તથા હકૂમત ધરાવતી મેજીસ્ટ્રેટની કોર્ટને કરવી.

આ હુકમ આજરોજ તારીખ **: ૮ જૂન, ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Dated:08/06/2026 **[Virendrasinh Gemalsinh Rana]**

Place:- Gandhinagar. 5th Additional Sessions Judge, Gandhinagar.

**//M.D..C//** GJ00964

ADDITONAL DISTRICT & SESSIONS COURT, GANDHINAGAR
सत्यमेव जयते